ગાંધીનગર સમાચાર
તા. ૧૨-૬-૨૦૧૩, બુધવાર

તંત્રી સ્થાનેથી.....

અડવાણી માની જતાં ભાજપે હાશકારો અનુભવ્યો

અંતે લાલકૃષ્ણ અડવાણી માની ગયા. નારાજગીનામાને રાજીપામાં ફેરવવાના પ્રયાસોને સફળતા મળી. ઘીના ઠામમાં ઘી રહ્યું. પક્ષની છબીને જે નુકસાન થવાનું હતું તે થઇ ચૂક્યું. પરંતુ હવે સૌ એક બની નેક બની રહેશે તેવો એક સંદેશ આપવાનો પ્રયાસ થઇ રહ્યો છે. અડવાણીજીએ વ્યક્તિ ભક્તિનો ઉભો કરેલો મુદ્દો બંને દિવસની ચર્ચામાં છવાયેલો રહ્યો અને જેમાં મહદઅંશે પક્ષના વરિષ્ઠ નેતાની લાગણીને સ્વીકારવામાં આવી હોવાનો અંદેશો મળી રહે છે. સંઘના સરસંઘ સંચાલક મોહન ભાગવત લાલકૃષ્ણ અડવાણી સાથે વાત કરી અડવાણીના મુદ્દાઓ અંગે સ્પષ્ટતાઓ કરતા અડવાણીજીએ પોતાની નારાજગી પાછી ખેંચી હતી. આ ઘટના ભલે નાની લાગતી હોય પરંતુ તેનું રાજકીય મૂલ્ય ખુબ વધુ છે. રાજકીય મહત્વકાંક્ષાઓના પરિપ્રેક્ષ્યમાં વ્યક્તિગત એજન્ડાઓને બ્રેક લાગશે એ વાત ચોક્કસ છે. અડવાણીજીના રાજીપાથી સમગ્ર પક્ષ હાશકારો અનુભવે છે. લાલકૃષ્ણ અડવાણીનું કદ આજની તારીખમાં ભારતના અન્ય કોઈપણ સક્રિય રાજનેતા કરતાં ઊંચું છે, તેઓ ચીલાચાલુ સત્તાપરસ્તીમાં રાચતા સરેરાશ રાજકારણીઓ કરતાં ઘણી બાબતોમાં જુદા પડે છે. એમના વિશાષ વાચન, વ્યાપક અનુભવ અને સર્વાશ્લેષી અભિગમને કારણે એમના કટ્ટર વિરોધીઓ પણ એમને આદરની નજરે જુએ છે. સ્વ. જનાર્દન ઠાકુરે જનતાશાસન દરમિયાન 'ઑલ ધ જનતામેન' શીર્ષક હેઠળ એક ગ્રંથ લખેલો, જેમાં અડવાણીને વાજપેયી કરતાં વિશેષ વિચક્ષણ, શાણા અને રાષ્ટ્રની સમસ્યાઓના ઊંડા અભ્યાસી નેતા ગણાવ્યા હતા. મૂળે તેઓ અખંડ ભારતના સિંધ પ્રદેશનું ફરજંદ, એટલે વિભાજનની વિભીષિકાથી બરાબર દાઝ્યા હોઈ હિંદુત્વ તરફ ઢળ્યા હશે. સંઘના સ્વયંસેવક તરીકે એમનો વક્કર ભારે વજૂદવાળો હતો. એક સુદીર્ઘ સમયાગાળા સુધી સંઘ અને અડવાણી એકમેકના પર્યાય સમા હતા. કુ.સી.સુદર્શનના સરસંઘચાલક કાળમાં ઉંમરલાયક નેતાઓને નિવૃત્ત થઈ જવાની અને નવી પેઢીના નેતાઓને માટે જગ્યા કરી આપી એમના માર્ગદર્શકનો રોલ અદા કરવાની સલાહ આપવામાં આવી હતી. અટલ- અડવાણીનો યુગ પુરો થઈ ગયો હોવાની વાત વિશ્વહિંદુ પરિષદના બોલકા નેતા અશોક સિંઘલ પણ કરતા રહ્યા છે. દેશના નાયબ વડાપ્રધાન બની પોતાની જન્મભૂમિની મુલાકાતે જનાર અડવાણીએ મહમદ અલી ઝીણાની મજાર પર ચાદર ચડાવી ત્યારથી સંઘનાં કટ્ટરવાદી પરિબળો અડવાણીના પગ નીચેથી ચાદર ખેંચવા લાગ્યા હતા. વરિષ્ઠ નેતાને ઉદંડ વિશ્વહિંદુ પરિષદનાં છોકરડાં 'ગદ્દાર' કહેવા લાગ્યાં હતાં. અડવાણી જેવા સ્વમાની નેતા માટે આવું અપમાન સહન કરવું ખૂબ આકરું હતું. પરંતુ અટલબિહારી વાજપેયી જેવા રાષ્ટ્ર પુરુષ સાથે ખભેખભો મિલાવીને જે પક્ષને શૂન્યમાંથી શિખર પર પહોંચાડ્યો હતો એને અધવચ્ચે રઝળતો કરી દેતાં એમનો જીવ ચાલતો નહોતો. ભાજપની નવી પેઢીના મહત્વાકાંક્ષી નેતાઓને નાગપુરનું ભરપૂર સમર્થન મળતું ચાલ્યું. સુદર્શનના સમયગાળા પછી તો સંઘનો કબજો જ મોહન ભાગવત અને સુરેશ સોની જેવા નવી પેઢીના નેતાઓ સાથે ઊછરેલા સ્વયંસેવકોને મળી જતાં અડવાણી જેવા વરિષ્ઠ નેતા દેખીતી રીતે આંખના કણાની જેમ ખૂંચતા રહ્યા છે. સુરેશ સોનીએ પદ્ધતિસરનું પાર્ટીનું રિમોટ કંટ્રોલિંગ જ શરૂ કરી દીધું છે. એક તરફ ભાજપના મોદી સહિતના બોલકા નેતાઓ ૧૦, જનપથ પરથી વડાપ્રધાન પર ચાલતી જોહુકમી અને રિમોટ કંટ્રોલની તીખી મજાક કરતા ફરે છે ત્યારે એમના પક્ષની કેવી હાલત છે તેનો અડવાણીના રાજીનામાંથી પર્દાફાશ થઈ ગયો છે. અડવાણીને સિફતપૂર્વક બાજુએ ધકેલી દેવાનું મોદી કે એમના સંઘ-ચાલકો ધારે છે એટલું સહેલું નથી. એટલે ભાજપ અને સંઘના તમામ નાનામોટા નેતાઓ રિસાયેલા રાજર્ષિને મનાવવાનો પુરુષાર્થ કરી રહ્યા છે, પરંતુ 'બૂંદ સે' ગઈ વો 'હૌજસે' થોડી આવવાની છે? જોકે જે નુકશાન થવાનું હતું તે થઈ જ ચૂક્યું છે.

કલોલ તાલુકાના વેડા ગામની પ્રાથમિક શાળામાં નવીન વર્ગખંડોની લોકાપર્ણવિધિ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના વેડા ગામની પ્રાથમિક શાળામાં રૂા. ૬૭.૮૫ લાખના ખર્ચે નિર્માણ થયેલા ૧૦ નવીન વર્ગખંડોની લોકાપર્ણવિધિ શિક્ષણ મંત્રીશ્રી

ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી રમણલાલ વોરાની ઉપસ્થિતિમાં કરી હતી.

નવા શૈક્ષણિક વર્ષના પ્રારંભે શરૂ થઈ રહેલાં કન્યા કેળવણી અને શાળા મહોત્સવની સફળતા માટે ગ્રામજનોને અનુરોધ કરતાં મંત્રીશ્રીએ કહ્યું કે, મુખ્ય મંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની રાજય સરકારે ગ્રામ વિકાસને આડે આવતાં રોગોનું મૂળ શોધીને તેનું નિદાન કર્યું છે. અગાઉના વરસોમાં ગ્રામિણ વિસ્તારોમાં શ્રમજીવી પરિવારોમાં શાળા છોડી જવાનું તથા શાળા નામાંકન કરાવવાનું પ્રમાણ ઘણું ઓછું હતું તે રાજય સરકારના કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવથી વધ્યું છે. આપણે આ ક્ષેત્રમાં ૧૦૦ ટકા સફળતા મેળવવી છે તેમ જણાવી મંત્રીશ્રીએ ગ્રામજનોને શેહરીજનોના જેવી જ તમામ સુવિધા આપવા સરકારના નિર્ધારને વ્યકત કર્યો હતો. કૃષિ મહોત્સવ અને જળસંચય અભિયાનની વિસ્તૃત વિગતો આપીને મંત્રીશ્રઈએ જળસંચય તથા જમીનની ગુણવત્તા જાળવવા સપ્રમાણ પાણી, ખાતર આપવા પર ભાર મૂકીને આ ધરતીમાતાની વિશેષ કાળજી લેવા અનુરોધ કર્યો હતો. તેમણે કેબિનેટ મંત્રી અને આ ગામના વતની રમણલાલ વોરાનું ગૌરવ વેડા ગામે વધાર્યું છે તેમ જણાવ્યું હતું.

કાર્યક્રમના ઉદ્‌ઘાટકશ્રી રમણલાલ વોરાએ કહ્યું હતું કે, બાળકોને માત્ર ભણાવવા ખાતર નહી પણ મેરીટ પ્રાપ્ત કરે તે રીતે ભણાવવા જોઈએ. કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ જેવા અભિયાનને કારણે પ્રાથમિક શિક્ષણની ગુણવત્તામાં સુધાર આવ્યો છે. આ કાર્યક્રમ હવે સરકારી નહીં પણ સંપૂર્ણપણે સામાજિ કાર્યક્રમ બની ગયો છે. ગામના પ્રગતિશીલ લોકો ગ્રામવિકાસ માટે હંમેશા તત્પર રહે તેવો અનુરોધ કરીને મંત્રીશ્રીએ ગ્રામ વિકાસની ગોકુળગ્રામ, સમરસગ્રામ, તીર્થગ્રામ, વીજળીની સુવિધાયુક્ત જ્યોતિગ્રામ યોજનાની વિસ્તૃત માહિતી આપી હતી તથા વેડા ગામના આશીર્વાદથી જ તેઓ પ્રગતિ કરી શક્યા છે તેમ જણાવ્યું હતું. મંત્રીશ્રી વોરાએ વિદ્યાર્થીઓને સો ટકા સફળતાના નિર્ધાર સાથે ગુણાત્મક સિદ્ધિઓ હાંસલ કરવા અનુરોધ કર્યો હતો.

સિદ્ધાર્થ લો કોલેજના ૧૭મીથી પ્રવેશ ફોર્મ સ્વીકારાશે

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરના સેકટર-૧૬માં આવેલી સિદ્ધાર્થ લો કોલેજના આચાર્ય ડો. દિલીપ મેવડાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, આગામી જૂન ૨૦૧૩માં એલએલબી સેમેસ્ટર-૧ માટેની પ્રવેશ પ્રક્રિયા ૧૭મી જૂનથી ૧૯મી જૂન સુધી ચાલશે. પ્રવેશ વાંચ્છુકોએ નિયત તારીખમાં કોલેજ કાર્યાલયનો સંપર્ક સવારે ૮ થી ૧૧ સુધી કરી પ્રવેશ મેળવી લેવા ખાસ જણાવાયું છે. આ અંગેની વધુ વિગતો કોલેજના નોટિસ બોર્ડ ઉપર મુકવામાં આવી છે જેની સૌએ નોંધ લેવી.

સી.એમ. હાઈસ્કૂલનું ગૌરવ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરની જાણીતી સંસ્થા

શેઠ સી.એમ. હાઈસ્કૂલના વિદ્યાર્થી સાહિત ઈલ્યાસ કુરેશીએ તાજેતરમાં ધોરણ-૧૧ સાયન્સની સેમેસ્ટર-૨ની પરીક્ષામાં ૫૦૦માંથી ૪૩૯ ગુણ મેળવી એ-૨ ગ્રેડ સાથે શાળાનું ગૌરવ વધાર્યું છે. ૯૯.૮ પર્સન્ટાઈલ રેન્ક સાથે પાસ થનાર સાહિત કુરેશીને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા છે.

ગાંધીનગરના ટોપર્સ

ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર-૨

વિદ્યાર્થીનું નામ	ગુણ	શાળાનું નામ
આશિષ જૈન	૪૬૨/૫૦૦	ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ
લિસા કે. પટેલ	૪૫૬/૫૦૦	સ્કૂલ ઓફ એચીવર્સ
શિપ્રા એન્જિનિયર	૪૫૫/૫૦૦	સેંટ ઝેવિયર્સ
આદિત્ય પરમાર	૪૫૩/૫૦૦	સ્કૂલ ઓફ એચીવર્સ
દીપ કાપડિયા	૪૫૧/૫૦૦	સી.એમ. વિદ્યાલય

ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજનું બીજા સેમેસ્ટરનું શ્રેષ્ઠ પરિણામ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેરની ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજનું ધો. ૧૧ સાયન્સનું સેમેસ્ટર-૨નું ૧૦૦ ટકા પરિણામ આવ્યું છે. શાળાના વિદ્યાર્થી આશિષ જૈને ૯૯.૯૬ પર્સન્ટાઈલ રેન્ક સાથે એ-૧ ગ્રેડ મેળવી પ્રથમ નંબર મેળવ્યો હતો.

શાળાના તેજસ્વી વિદ્યાર્થીઓમાં આશિષ જૈન ૯૯.૯૬ પર્સન્ટાઈલ સાથે પ્રથમ, સ્વપ્રિલ નાફાડે ૯૯.૮૬ દ્વિતીય અને રીના છાબલાની ૯૯.૬૬ પર્સન્ટાઈલ રેન્ક સાથે તૃતીય ક્રમે આવ્યો છે. વિવેકકુમાર પટેલ ૯૯.૩૭, આરૂપ ચક્રવર્તી ૯૯.૧૩, હિતેશ દાદલાણી ૯૮.૭૨, નીલ તિલ્વા ૯૮.૬૬, અર્ષજીતકુમાર બૈન્સ ૯૯.૩૯, દિવ્યા શાહ ૯૭.૭૧ અને ચિરાગ શાહ ૯૭.૬૩ પર્સન્ટાઈલ સાથે ઉત્તીર્ણ થયા છે. શાળાના આચાર્ય ડૉ. પ્રદીપ ગગલાણીએ ઉત્તીર્ણ થયેલ દરેક વિદ્યાર્થીને અભિનંદન પાઠવ્યા હતા.

સ્કૂલ ઓફ એચીવરનું ગૌરવ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લાના સરગાસણ ગામે આવેલી જાણીતી સહજાનંદ સ્કૂલ ઓફ એચીવર ગુજરાતી માધ્યમમાં બોર્ડ દ્વારા લેવાયેલી ધોરણ-૧૧ સાયન્સની બીજા સેમેસ્ટરની પરીક્ષામાં વિદ્યાર્થીઓનું ઉત્કૃષ્ઠ પરિણામ આવ્યું છે.

સમગ્ર જિલ્લામાંથી એ-૧ ગ્રેડ ધરાવતા ૬ વિદ્યાર્થીઓમાંથી ૨ વિદ્યાર્થીઓ સ્કૂલ ઓફ એચીવરના છે. જેમાં લિસા કમલેશકુમાર પટેલે ૫૦૦માંથી ૪૫૬ ગુણ મેળવી શાળામાં પ્રથમ સ્થાન અને આદિત્ય કિરણસિંહ પરમારે ૫૦૦માંથી ૪૫૩ ગુણ મેળવી દ્વિતીય સ્થાન સાથે એ-૧ ગ્રેડ મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે. સ્કૂલ ઓફ એચીવર ગુજરાતી માધ્યમ, સરગાસણના ધોરણ-૧૧ સાયન્સના ૨૫ વિદ્યાર્થીઓ પણ એ-૨ ગ્રેડ સાથે શાળામાં ઉત્તીર્ણ થયા છે. તેજસ્વી વિદ્યાર્થીઓને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા છે.

સમસ્ત જણસારી મોચી સમાજના વિદ્યાર્થીઓને સન્માનવામાં આવશે

ગાંધીનગર, તા.૧૧

સૌરભ સમસ્ત જણસારી સમાજ સેવા સંસ્થાન, ગાંધીનગર દ્વારા સમાજના આઠ ગામ રૂપાલા પરિવારના ધોરણ ૧ થી ૩ અને મોચી સમાજના ધોરણ ૧ થી ૧૨ના તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનીત કરવામાં આવશે તથા જીવન સાથી પસંદગી મેળો યોજાશે. જેનો સમાજના યુવાનો લાભ લઈ શકશે.

સમસ્ત જણસારી (મોચી) સમાજના અગ્રણી એમ.કે. ચૌહાણે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે આઠ ગામ રૂપાલા પરિવારના ધોરણ ૧ થી ૩માં અભ્યાસ કરતા પ્રથમ ત્રણ તેજસ્વી વિદ્યાર્થીઓને રોકડ પુરસ્કાર આપવામાં આવશે તથા જિજ્ઞેશ મેમોરિયલ ફાઉન્ડેશન, નડિયાદના પ્રબંધક નટુભાઈ મોચી દ્વારા મોચી સમાજના ધોરણ ૧ થી ૧૨માં પ્રથમ ત્રણ આવનાર વિદ્યાર્થીઓને ૬૦ ટકાથી ઉપરના સ્નાતક તેમજ અનુસ્નાતક પી.એચ.ડી. થનાર વિદ્યાર્થીઓને રોકડ પુરસ્કાર, પ્રમાણપત્ર સાથે નવાજવામાં આવશે. સમાજના વિદ્યાર્થીઓએ ૧૫મી જુલાઈ સુધી સૌરભ સંસ્થાને ફોર્મ મોકલી આપવા જણાવાયું છે.

જ્ઞાન જયોત માસિક અમદાવાદ દ્વારા જીવનસાથી પસંદગી મેળો અપેક્ષિત ૧૫મી ઓગષ્ટના રોજ યોજાશે. આ અંગેના નિયત ફોર્મ સંસ્થાને ૩૧મી જુલાઈ સુધી મોકલી આપવું. સરકાર દ્વારા ગાંધીનગરમાં ઉમ્મીદ, પરિવર્તન સંસ્થા દ્વારા નોકરી, વ્યવસાલયક્ષી ત્રણ માસના વિવિધ કોર્સ ફકત ૫૦૦ રૂ.માં શરુ કરવામાં આવ્યા છે જેનો સૌ વિદ્યાર્થીઓ લાભ લે તેવું અગ્રણીઓ દ્વારા જણાવાયું છે. આ અંગેની વધુ વિગતો કન્વીનર એમ.કે. ચૌહાણ, પ્રમુખ ૧૭૯/૨, સેકટર-૧૪, મહાત્મા ગાંધી મંદિર પાસે, ગાંધીનગરનો સંપર્ક કરવા જણાવાયું છે.

ગાયત્રી મંત્રોચ્ચાર સાથે સી.એમ. પટેલ હાઈસ્કૂલમાં પ્રવેશોત્સવ યોજાયો

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરની જાણીતી સંસ્થા શેઠ સી.એમ. પટેલ હાઈસ્કૂલમાં ૧૦મી જૂને શાળા પ્રવેશોત્સવ દરમિયાન બાળકોને ગાયત્રી મંત્રોચ્ચાર સાથે પ્રવેશ આપી આધ્યાત્મિક વાતાવરણ સાથે પ્રવેશોત્સવ ઉજવાયો હતો.

શાળાના આચાર્ય બચુભાઈ પટેલની રાહબરી હેઠળ સમગ્ર પ્રવેશોત્સવમાં શિસ્ત, અનુશાસન માટે વિશેષ પ્રવચન સાથે સૂચના આપી હતી. ગાયત્રી પરિવારના મહિલા અગ્રણી જશુબેન ઠકકરે ગાયત્રી મંત્ર, વૈદિક મંત્રો, સરસ્વતી, ગણપતિજીન મંત્રો સાથે પ્રવેશોત્સવ સંપન્ન કરાવ્યો હતો. ધો-૯ના વિદ્યાર્થીઓને આ પ્રસંગે તિલક-અક્ષત અને પુષ્પ સાથે નવાજવામાં આવ્યા હતા. શાળાના હરિભાઈ પટેલ અને પ્રહલાદભાઈ પટેલે સર્વે વિદ્યાર્થીઓને શાળાનું મહત્વ, તેનું ગૌરવ અને શિસ્ત, નિયમિતતાની વાતો કરી જરુરી માર્ગદર્શન પુરું પાડયું હતું. ગાયત્રી પરિવારની બહેનોએ ખાસ ઉપસ્થિત રહી અભિવાદન કર્યું હતું.

સદ્‌ભાવનાનું સુગંધ પર્વ - મહુવા

સમયની સાક્ષી એવું દિવાલ પરનું ઘડિયાળ બારના ટકોરા કરે છે મારે બહારગામ જવાની છેલ્લી તૈયારીઓ ચાલે છે ત્યાં... ગાંધીનગર સમાચાર દૈનિકપત્રના પ્રસિદ્ધ તંત્રી કૃષ્ણકાન્ત ભાઈનો ફોન રણકે છે 'ભાનુભાઈ! મહુવા જાઓ છો બાપુને મારા પ્રણામ કહેજો, અને હાં, ત્યાંથી શબ્દોનાં ટિફીન ભરી ભરી લાવજો! હું ખોવાઈ જાઉં છું મહુવાની એ પૂણ્યભૂમિમાં ભરાયેલ યાદગાર સદભાવના પર્વમાં! જયાંથી સદ્‌ભાવનાના ટિફીન જ ન ભરાય પણ એકબીજા પ્રત્યેની ભલી લાગણીની પોઠો જ ભરાય એટલું વિચારભાથુ મળી રહે છે મોરારીબાપુનાં સાનિધ્યમાં...!'

તા. ૭.૮.૯ કલ્પદ્રુમોની બરાબર વચ્ચે કૈલાશ ગુરૂકુલ - મહુવા અને સદભાવના પર્વની શિબિરમાં સાદ કરે છે સૂચના છે આગલે દિવસે તા. ૬ઠ્ઠી જૂને રાત્રી પહેલાં ત્યાં પહોંચી જવાનું છે. અહીં સ્વયં શિસ્તનાં ડગલે ડગલે દર્શન થાય છે. સ્વેચ્છાએ સ્વીકારેલું શિસ્તનું વર્તુળ કેટલું ઉપકારક હોય છે! અમે ગાંધીનગરા થોડાં વિચારશીલ મિત્રો બસ, ૬ઠ્ઠી જૂને ત્યાં જવા નીકળ્યાં, અર્જુનને ભલે ભલે પક્ષીની આંખ દેખાતી હોય અમને તો ફક્ત મોરારીબાપુની કાળી કામળી જ દેખાતી હતી, ડાઘ વગરન સંત!

વિશ્વગ્રામની કલ્પના લઈને સદ્‌ભાવના અર્થે ઝઝૂમતું યુગલ સંજય - તુલા - જેને તુલા - સંજય લખવું અને ઓળખાવું ગમે છે. ભરયુવાનીના મોજ મજા કરવાના એ દિવસમાં એ યુગ્મે ત્યાગની કફની પહેરી લીધી છે. એને સતત સતત એક જ ચિંતા સતાવે છે 'માનવી - માનવી વચ્ચે આ શા ભેદ! ચાલો રેખાઓ ભૂંશી નાખીએ! એને આપણાં ગામડામાં વિશ્વાસ છે ને બીજો વિશ્વાસ યુવાનોમાં. ચલો, કૂછ કર દિખલાયેં! એનો જીવનમંત્ર છે. સદ્‌ભાગ્ય છે ગુજરાતનાં જાહેર જીવનમાં થોડાંક યુવાનો થોડાં યુગલોએ આવી ફનાગીરી સ્વેચ્છાએ સ્વીકારી લીધી છે.'

મારે વાત મહુવાની કરવી છે, માલણ નહીને કાંઠે નર્યો સદ્‌ભાવનો ભાવ જ અનુભવવા મળે છે. ગુરૂવારને ૬ઠ્ઠી તારીખે અમે મિત્રે કૈલાશ ગુરૂકુલના દરવાજે દસ્તક લગાવીએ છીએ અને સદ્‌ભાવનાના દરવાજા ખુલી જાય છે, હારબંધ ગોઠવાઈ ગયેલી નાની - મોટી મોટરકારનો સાથે સાથે અમારૂં વાહન પણ ગોઠવાઈ જાય છે. અહીં બધે બધું ગોઠવાઈ જતું હોય છે એમ અમે પણ સુવિધાપૂર્ણ આવાસના એક ઓરડામાં ગોઠવાઈ જઈએ છીએ. ત્યાં તો અમને કહેવામાં આવે છે. સાંજનું વાળુ અમારી રાહ જૂએ છે અમે થાય છે અનુભવ છે 'આતિથ્ય તો બાપુનું!! નારિયેળના ઝૂંડ વચ્ચે વાદળો વચ્ચે સંતાકૂકડી રમતો પેલો ચંદ્ર અમારી સાથે સ્મિત વેરી રહ્યો છે. સૌંદર્ય તો ઓરડાની ચાર દિવાલો બહાર જ હોય છે ઓળખવાની દૃષ્ટિ જોઈએ! સરખે સરખા વિચારો અને સ્વભાવ માનવી - માનવીને નજીક લાવે છે અને એમાંથી સર્જાય છે સાયુજ્ય! અમે એનો અનુભવ કરી રહ્યાં છીએ!'

૭મીની વહેલી સવાર, સુગંધભરી ચાથી શરૂ થાય છે એને કહેવામાં આવે છે 'બેડ-ટી' મને થાય છે એને તો 'ગુડ-ટી' જ કહેવું જોઈએ એ ચાની પહેલી ચૂસકીમાં જ સદ્‌ભાવનાની સુગંધ આવે છે. ચાની ચૂસકીઓ સાથે સદ્‌ભાવનાની મૈત્રીની સુગંધ ભળે છે. જૂના સ્મરણો સળવળે છે અગાઉ હળ્યા મળ્યાનો આનંદ વ્યક્ત થાય છે માત્ર 'કેમ છો?' શબ્દમાં સ્નેહનો સાગર છલકાય છે.

પછી... સ્નાનાદી ને ભર્યો ભર્યો ચા-નાસ્તો બાર-સાડાબાર સુધી એક જ બેઠકે બેસવાનું છે ને! સદ્‌ભાવથી ભર્યો ભર્યો નાસ્તો પિરસાય છે વળી પાછી ચા-કૉફીની ચૂસ્કીનો મીઠો અવાજ સંભળાય છે તાજા જ નવા બનેલા ભોજનાલયની દિવાલોમાંથી રસની સોડમ આવે છે ફરી ફરી કહેવાય જવાય છે આતિથ્ય તો બાપુનું!! અને પ્રથમ બેઠકનું આહ્‌વાન મળે છે. બરાબર ૯ વાગે શિબિરની ભૂમિકા ભાઈ સંજય આવે છે એના એકલાનું તો નામ જ કેમ લેવાય છે. નિમંત્રણમાં પણ ભૂમિકામાં તુલા-સંજય. વિશ્વગ્રામ તો લખ્યું છે. સંજય સદ્‌ભાવના શિબિરની બાંધણી બાંધે છે કયારેક કયારેક તૂટેલી સદ્‌ભાવનાના મણકા શોધીને ભાઈચારાની માળા ગૂંથવાનો આ અવસર છે. માણસ, જેવો હોય તેવો માણસ. માણસ, કયારેક બદલાયો નથી. સતયુગ કે દ્વાપર યુગ અરે કળિયુગ જેવા ભાગલા તો આપણે પાડ્યા સમય કયારે ખંડિત નથી સમય અખંડ છે. આપણે જ એના ભાગલા પાડ્યા છે માણસના પણ - કાળો માણસ, પીળો માણસ, ધોળો માણસ. ઊંચો-નીચો માણસ, હિન્દુ-મુસ્લિમ, જૈન-પારસી, ગુજરાતી-મરાઠી-પંજાબી-બંગાળી આપણને કયારેય અખંડ રહેતાં આવડતું જ નથી. આપણે ખંડિતતામાં જ જીવીએ છીએ અને મરીએ છીએ. સંજયનો સદભાવ વર્તાતો હતો.

સૌંદર્ય તો ઓરડાની ચાર દિવાલો બહાર જ હોય છે ઓળખવાની દૃષ્ટિ જોઈએ! સરખે સરખા વિચારો અને સ્વભાવ માનવી - માનવીને નજીક લાવે છે અને એમાંથી સર્જાય છે સાયુજ્ય! અમે એનો અનુભવ કરી રહ્યાં છીએ!

સંભારણું

- ભાનુપ્રસાદ પુરાણી

અહીં મારે વક્તાઓનું વકતવ્ય નોંધવું નથી એ નોંધવા જાઉં તો પુસ્તક બને મારે તો માત્ર અહેવાલ આપવો છે. સદ્‌ભઆવના પર્વના બીજ રૂપ વકતવ્યમાં કર્મશીલ માર્ટીન મેકવાને માણસ મામસ વચ્ચેની ઊંડી ખાઇ અન ધર્મના નામે - સંપ્રદાયના નામે માણસ-માણસ વચ્ચે થતો અમાનવીય વ્યવહારોની પરંપરાગત સિલસિલો રજૂ કર્યો. અંધશ્રધ્ધાના નામે - ધર્મના નો કેટકેટલા દંગા - કેટકેટલી ઘટનાઓએ માણસ માણસાઇ ભૂલીને હેવાનિયત પર ગયો એની હૃદયદ્રાવક કથની રજૂ કરી. ગોલાનાનાં હત્યાકાંડે તો માણસનું હૃદય હમચમાવી દીધું હતું. જયારે યુવાન પુત્ર ગુમાવનાર પેલા દલિત બુઝુર્ગના એ શબ્દોએ. ભાઈ! અમે આ દેશના નાગિરક ખરા કે નહીં? શો જવાબ આપીશું આપણે? પ્રશ્નોત્તરી રસિક રહી પણ થત્યું કેટલું અઘરૂં કામ છે માણસ બદલવાનું! માણસના માનસને બદલવાનું ત્યારે શ્રદ્ધાનો યહૂકો એ જ કલ્પવૃક્ષો વચ્ચેથી ટહૂકી ઊઠે છે. હા, એ જ કામ તો મોરારીબાપુ કરી રહ્યાં છે!

નાગરિકતા સામેનાં પડકારો અને ઉત્તમ સમાજનું નિર્માણ એ વિષયે પીઠ રાજકીય સમીક્ષક નવ નવ દાયકાનું આયુષ્ય વટાવી ચૂકેલા વડીલ વકતા, નગીનદાસ સંઘવી એ એજ કહ્યું, આદર્શ એ ફિનીક્સ પક્ષી જેવું છે એને પકડી શકાતું નથી. આદર્શ જ એવો રાખવો જયાં સુધી પહોંચવા પ્રયત્ન થાય. સાંપ્રત સ્થિતિનો ખ્યાલ આપતાં એમણે પણ બાપુના માનસ પરિવર્તન પ્રયત્નોને બીરદાવ્યા. આ કામ માર્મિક એવા ધાર્મિક બાપુ જેવા માનસયાત્રી જ કરી શકશે એવો વિશ્વાસ પ્રગટ કર્યો.

આદિવાસી કર્મશીલ અને અંતરિયાળ પ્રદેશ તેજગઢમાં વડોદરાની પૂર્વપટ્ટીએ ધૂણી ધખાવી બેઠેલા કર્મઠ ગણેશ દેવીએ નાગરિક સંવેદનાના વિસ્તાર સંદર્ભે વિસ્તારે વાત કરી. ભૂંસાતી જતી ભીલી લોકબોલી જે ૩૦૦ જેટલી છે તેને સંપાદિત કરી એ ભાષાને બોલીને જીતાડવાનું કામ કરી રહ્યા છે એમની ઓળખ ગુજરાતના સીમાડા ઓળંગી પરદેશ સુધી પહોચી ગઇ છે.

પૂર્વ સાંસદ અને સંનિષ્ઠ રાજપુરૂષ, રાજસભાના સભ્ય એવા આસામના કર્મશીલ યુ.જી. બ્રહ્માએ આસામમાં સદ્‌ભાવનાનું કામ કેવી રીતે થઇ રહ્યું છે એનો ચિતાર રજૂ કર્યો. આનંદ એ વાતનો થયો કે એમણે અંગ્રેજી - આસામી ભાષા છોડી રાષ્ટ્રભાષામાં જ વકતવ્ય આપ્યું અને પોતે 'ઇન્ડિયન' હોવાનું ગૌરવ પ્રગટ થયું.

રાત્રે જાણીતા લોકગાયક અરવિંદ બારોટે લોકગીતો રજૂ કર્યા. દૂહાની રમઝટ બોલાવી પણ એથી વિશેષ એમના પરિચયમાં એમણે પોતે ત્રણ બાપના સંતાન હોવાનું ગૌરવ પ્રગટ કર્યું. એક જન્મદાતા પિતા બીજા જ્ઞાનગુરૂ રતીલાલ બોરીસાગર અને ત્રીજા મોરારીબાપુ. ત્રણ કલાક કયાં વહી ગયા એ ખબરે ન પડી. હા. રમેશ પારેખ અને વિનોદ જોશીનાં ગીતોએ રંગ જમાવ્યો. ભારેખમ વિધ્યતપૂર્ણ વ્યાખ્યાનો પછી સંગીત કેવું કામણ કરે છે.

૮મી જૂને નાગરિક સમાજ અને લોક આંદોલન વિષયે મેગ્સેસે એવોર્ડ વિજેતા, આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત જલકાંતિના પ્રણેતા રાજેન્દ્રિસંહે તો કમાલ કરી નાંખી જનભાગીદારીથી શું થઇ શકે એના દાખલા સ્વરૂપે રાજસ્થાનની સૂકી ભઠ્ઠ ૭-૭ નદીઓમાં એમણે ખળ ખળ પાણીના વહેણ વહાવ્યાં છે. જનભાગીદારીથી દુનિયાનાં ૭ જેટલાં દેશો એમની પાણીની સમસ્યા માટે એમની સલાહ લે છે. અહીં વડાપ્રધાનથી માંડીને રાજયોનાં મુખ્યમંત્રીઓ એમને નિમંત્રે છે સલાહ લે છે એવા આંતરરાષ્ટ્રીય જલકાંતિના પ્રણેતા રાજેન્દ્રસિંહને સાંભળવા એ એક લ્હાવો બની રહ્યો. ઘણીવાર થાય છે આપણો પનો આપણા મહાન વ્યક્તિઓને ઓળખવામાં ટૂંકો પડે છે કેટકેટલી નદીઓ સૂકી ભઠ્ઠ કોઇક રાજેન્દ્રિસંહની રાહ જુએ છે!

વર્ષા અડાલજાની ઓળખ આપવાની ન હોય, ગુજરાતી સાહિત્ય પરિષદનાં પ્રમુખ, નવલકથાકાર પ્રબુદ્ધ લેખિકા, ગુણવંતરાય આચાર્યનું ફરજંદ છે. એમનાં બહેન ઇલા આરબ મહેતા પણ એમણે એમના પિતાએ કરેલા આંતરજ્ઞાતિય લગ્ન અને એમનો સમાજે કરેલો બહિષ્કાર ઉપરાંત એમની નવલકથા - વાર્તાઓમાં અનુભવાતી સંવેદનાનો વિસ્તારે ખ્યાલ આપ્યો હતો. 'ગાંઠ છૂટ્યાની વેળા' એમની અતિ સંવેદનશીલ નવલકથા છે.

સદ્‌ભાવના ફોરમ સંસ્થાના ભાવિ કાર્યક્રમો અંગે આયોજન કરવા ઉપસ્થિત કર્મશીલોનું બેઠક આયોજન થયું. માણસ-માણસ વચ્ચે સદ્‌ભાવના કેમ પ્રગટાવી શકાય એનું ચિંતન થયું અને નક્કર આયોજન ઘડાયું. રતિલાલ બોરીસાગર - ડંકેશ ઓઝા - નિરંઝન ત્રિવેદી - સંજય - તુલા - અને સૌ આ સદ્‌ભાવનાના પ્રચાર-પ્રસાર કાર્યમાં જોતરાવા ચિંતનશીલ થ